ગાંધીનગર સમાચાર

ચિલોડામાં દબાણો દૂર કરવા ગુડાની નોટીસ

# શહેરમાં શેરી ગરબા મહોત્સવ શાનથી ઉજવાશે

## શહેરના સે-૧૭ અને ૨૨ ખાતે યોજાતા શેરી ગરબાનો દબદબો યથાવત

ગાંધીનગર, તા.૨૩

નવરાત્રી એટલે દસ દિવસ અને નવરાત્રીનો એવો મહોત્સવ જેને સંપૂર્ણ ભારતભરમાં વિવિધ પ્રકારે ઉજવવામાં આવે છે. એમાં પણ જયારે વાત ગુજરાતની નવરાત્રીની આવે ત્યારે અનોખા ગરબાની વાત મંડાય છે. રાજયમાં નવરાત્રી મહોત્સવ ખુબ પ્રચલિત હોવાથી નાના બાળકથી લઈ સૌ કોઈ તેની રાહ જોઈને બેઠા હોય છે. નવરાત્રી માટે યુવા વર્ગ વિશેષ તૈયારીઓ કરતો જોવા મળે છે. નવરાત્રીમાં રાત્રીના સમયે ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમીને ગરબાના રંગે રંગાઈ જાય છે. નવરાત્રી મહોત્સવ વર્ષો જુનો તહેવાર છે. ત્યારે નવરાત્રીના આટલા વર્ષો બાદ ઉજવણી અને આયોજનમાં ઘણા ફેરફાર પણ જોવા મળી રહ્યા છે ત્યારે શહેરના સે-૧૭ અને ૨૨ના શોપિંગ સેન્ટરમાં વેપારીઓ અને વસાહતીઓ દ્વારા આયોજીત ગરબા મહોત્સવનો દબદબો આજે પણ અકબંધ જોવા મળી રહ્યો છે. શહેરમાં ખાનગી આયોજકો દ્વારા સુંદર નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવતા શહેરના કેટલાક શેરી ગરબાનો ચાર્મ ઘટી રહ્યો છે તેમ છતાં શહેરના આ બે શેરી ગરબામાં ગરબે ઘુમવા ખેલૈયાઓની ભારે ભીડ જામે છે.

નવરાત્રીમાં પણ આધુનિકતા આવી ગઈ છે. પહેલાના સમયની નવરાત્રીમાં ઢોલના તાલે મહિલાઓ પોતાના કંઠે માતાજીના ગરબા ઢોલના તાલે ગાતા જાય અને ગરબે ઘૂમતા જાય ત્યારે



આજની ફેશન મુજબ તેમાં પણ આધુનિકતા આવતા ગરબાનું સ્થાન લોકગીતોએ લીધું છે. જયારે સંગીતમાં પણ જેમ જેમ અવનવા સંગીત વાદ્યો જોડાતા ગયા તેમ તેમ ગરબા ડીજેના તાલે ગવાતા થયા છે. લોકગીતોને રોક સોંગમાં કન્વર્ટ કરી દેવાયા છે. નવરાત્રી મહોત્સવને ફક્ત પાર્ટી પ્લોટ, કલબ કે ખાનગી આયોજનકર્તા દ્વારા ઉજવાતો ઉત્સવ કરી દેવામાં આવ્યો છે. શહેરની ઘણી સોસાયટી શેરીઓમાં ડીજેના તાલે ગરબા રમાય છે પરંતુ હાલના મોંઘાદાટ સાઉન્ડ અને ડીજે ગરબા કલ્ચર વચ્ચે પણ શહેરના સે-૧૭ અને ૨૨માં સાર્વજનિક નવરાત્રી મહોત્સવનું છેલ્લા ત્રણ દાયકાથી ભવ્ય આયોજન કરાય છે. અહીં ગરબા રમવા માટે કોઈ ડ્રેસ કોડની જરૂર હોતી નથી અને ખેલૈયાઓ એક તાળી, બે તાળી અને ત્રણ તાળીના એક જ તાલે ગરબાની મજા માણે છે. આ શેરી ગરબામાં માનવ મહેરામણ ઉમટતો હોવા છતાં દરેક વ્યક્તિને ગરબે ઘૂમવા પુરતી જગ્યા હોય છે. અત્યારનો યુવા વર્ગ પશ્ચીમી સંસ્કૃતિ પાછળ ઘેલો થયો છે ત્યારે ગુજરાતના શેરી ગરબા નવરાત્રીની આગવી ઓળખ સમાન છે. સેકટર-૧૭ અને ૨૨ના નવરાત્રીના શેરી ગરબાએ પરંપરાગત નવરાત્રીને જાળવી રાખી છે. અહીં ગરબા નિહાળવા મોટી સંખ્યામાં ગરબા રસિકો ઉમટી પડી છે.

### @ગાંધીનગર

● જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા બપોરના ૩ થી ૫ કલાક દરમિયાન સે-૧૨, સિવિલ હોસ્પિટલ કંમ્પાઉન્ડ ખાતે શ્રી સત્યનારાયણ ભગવાનની કથા અને શ્રાધ્ધવિધિ યોજાશે.

● ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગર દ્વારા સાંજે ૫ કલાકે ગાંધીજન અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે માસિક બેઠક યોજાશે.

● હેપ્પી યુથ કલબ દ્વારા સવારના ૯થી ૧૨ કલાક દરમિયાન સરકારી પ્રાથમિક શાળા ફતેપુરા, સે-૧૫ ખાતે નિઃશુલ્ક આયુર્વેદ નિદાન સારવાર શિબિર યોજાશે.

● ઈન્ફોસીટીના એનઆઈસીએમ કેમ્પસ ખાતે સાંજે ૬ કલાકે આગમન-૨૦૧૬નો કાર્યક્રમ યોજાશે.

● પ્રજાપતિ પરિવાર દ્વારા બપોરે ૪ કલાકે કથાકાર ગોસ્વામી દિલીપ ગુરુજીની વ્યાસપીઠે સ્વ. શ્રી ગણેશભાઈ પ્રજાપતિના સ્મરણાર્થે પાલજ ગામના ધર્મચોકની બાજુમાં, માતાના ભાગ ખાતે સંગીતમય સુંદરકાંડ પાઠ યોજાશે.

### વાતવાતમાં

● અબુધાબી ખાતે હાલ મોરારીબાપુની રામકથા ચાલી રહી છે. આ રામકથામાં ગાંધીનગરના નિવૃત્ત આઈએએસ અધિકારી વી.એસ. ગઢવી ઉપસ્થિત રહ્યા હતા અને શ્રોતાઓને સંબોધન કર્યુ હતું.

● સે-૨૩ના કડી શિક્ષણ સંકુલ ખાતેથી વહેલી સવારે યુનિ.ના યુવા વિદ્યાર્થીઓની પર્યાવરણ જતન સાથેની રેલીએ આકર્ષણ જમાવ્યું હતું. આ રેલીને જોવા અન્ય શાળાના વિદ્યાર્થીઓ ઉપરાંત સેકટરવાસીઓ પણ ઉભા રહી ગયા હતાં.

● હાલ શ્રાધ્ધ પક્ષ ચાલી રહ્યું હોવાથી શહેરમાં નવીન શુભ કાર્યો કે સમારંભો યોજવાનું કાર્ય હાથ પર લેવાતું નથી. આ સમયનો સદુપયોગ ગૃહિણીઓ દ્વારા દિવાળીની સાફસફાઈ માટે કરાઈ રહ્યો હોઈ નગરજનોના આંગણે પિત્તળના ચકચકિત વાસણો જોવા મળી રહ્યા છે.

# સે-૨ માંથી ચોરીની ગાડી અને બાઇક સાથે બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર એસ.ઓ.જી ની ટીમે બાતમીને આધારે સે-૨ સી નાં કોમન પ્લોટમાંથી ચોરીનુ એક બાઈક અને એક ગાડી સાથે મોરબીનાં હફવદ તાલુકાના બે યુવાન શખ્સોને પકડી પાડ્યા છે. બંને ની પુછપરછ કરતા ગાડી હળવદથી અને બાઈક સેટેલાઈટ વિસ્તારમાંથી ચોરી કર્યુ હોવાની કબુલાત કરી લીધી છે. એસ.ઓ.જી ની ટીમે ચોરીના મુદ્દામાલને જપ્ત કરીને બંને શખ્સોની



ધરપકડ કરી વધુ પુછતાછ આરંભી છે.

વાહન ચોરીના ગુનાઓ અટકાવવા તથા ડીટેકટ કરવા જીલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે આપેલી સુચનાને પગલે ગાંધીનગર એસ.ઓ.જી પી.આઈ એમ.આર.પુવાર તથા તેમની ટીમે પેટ્રોલીંગ દરમ્યાન સે-૨ માંથી બે વાહનચોરોને પકડી પાડયા છે. પી.આઈ નાં માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ જયંતીભાઈ, હે.કો રાજેશભાઈ, અજયકુમાર, રવિન્દ્રભાઈ અને પો.કો ધિરેન્દ્રસિંહ સહિતના સ્ટાફનાં માણસોએ સે-૨ સી નાં કોમન પ્લોટ માંથી હળવદનાં જુના દેવાળીયા ગામનાં ઈમરાન કરિમ સંધવાણી અને રોહન મહેશ મકવાણા બંનેને એક સફેદ કલરની મારુતી ફ્રંટી અને એક બ્લેક-બ્લ્યુ કલરનાં પેશન પ્લસ બાઈક સાથે પકડી પાડયા હતા. બંને વાહનો વિષે પુછપરછ કરતા મારુતી ફ્રંટી હળવદથી અને પેશન પ્લસ સેટેલાઈટ વિસ્તારથી ચોરી કર્યુ હોવાની કબુલાત કરતા એસ.ઓ.જી ની ટીમે બંને ની ધરપકડ કરી સઘન તપાસ શરુ કરી છે.

# આજે સે-૧૫ના ફતેપુરામાં નિઃશુલ્ક સર્વ રોગ નિદાન-સારવાર કેમ્પ

## હેપ્પી યુથ કલબ દ્વારા સરકારી આયુર્વેદ હોસ્પિટલના સહયોગથી આયોજન કરાયું : કેમ્પમાં વિના મૂલ્યે દવાઓ પણ અપાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરની હેપ્પી યુથ કલબ દ્વારા તા. ૨૪મી સપ્ટેમ્બર શનિવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સે-૨૨ની સરકારી આયુર્વેદ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં આયુર્વેદ હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા દર્દીઓની તપાસણી કરી યોગ્ય માર્ગદર્શન તથા જરૂરિયાત પ્રમાણે દવાઓ પણ પુરી પાડવામાં આવશે.

સર્વ રોગ નિદાન સારવાર કેમ્પમાં દર્દીઓની શરદી, કફ, ખાંસી, તાવ, પેટના રોગો, આંખ-કાન-નાક-ગળા તથા દાંતના રોગો, પેટના રોગો, મણકાની તકલીફ, સાંધાનો દુઃખાવો, ડાયાબીટીશ, સ્થૂળતા, વ્યંધત્વ, ઉત્તમ સંતતિ, સગર્ભાવસ્થાના રોગો, શ્વાસની તકલીફ, ચામડીના રોગો સહિત તમામ રોગોનું નિદાન કરવામાં આવશે તેમજ તેની સારવાર અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત દર્દીને જરૂર જણાય ત્યાં જરૂરી દવાઓ પણ વિના મૂલ્યે આપવામાં આવશે. આ સાથે લાભાર્થીને આયુર્વેદનું મહત્વ સમજાવી રોજબરોજની જીંદગીમાં ધ્યાનમાં રાખવા જેવા આહાર વિહાર અંગેના મહત્વના સૂચનો પણ કરવામાં આવશે આ કેમ્પનો મહત્તમ લાભ લેવા ફતેપુરા, સે-૧૫ તથા આસપાસના સેકટરોના રહીશોને હેપ્પી યુથ કલબ દ્વારા અનુરોધ કરાયો છે.

## પી.કે. ચૌધરી કોલેજના વિદ્યાર્થીઓએ વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ દ્વારા પેથાપુરના કૈલાસધામ વૃધ્ધાશ્રમની મુલાકાત ગોઠવવામાં આવી હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ વૃધ્ધોના પ્રશ્નોની જાણકારી મેળવી તેમની સાથે ચર્ચા વિચારણા કરીને માહિતી મેળવી હતી. તેમજ વૃધ્ધ દાદા-દાદીએ પોતાની મનની વાતો કરીને મનથી હળવાશ અનુભવી હતી. આ કાર્યક્રમનું આયોજન પ્રા. સજ્જનબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો.

## જાગૃત નાગરિક પરિષદના સભ્યોની ડિરેકટરી પ્રસિધ્ધ કરાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના સભ્યની ડિરેકટરી પ્રસિધ્ધ થવાની હોવાથી પરિષદના સભ્યોએ પોતાનો ફોટો અને ટેલિફોન નંબરની વિગતો એસ.ડી.આર. મલિકના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૫૧, સે-૧-સી ખાતે મોકલવાની રહેશે તથા આ અંગે વધુ માહિતી મેળવવા ઈચ્છુકોએ ફોન નં. ૨૩૨૨૩૭૭૭ અથવા મોબાઈલ નં. ૯૬૬૨૭૮૫૮૨૮ પર સંપર્ક સાધવાનો રહેશે તેમ જાગૃત નાગરિક પરિષદના મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવ્યું છે.

## હિન્દી દિવસ નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૩

વનશ્રી ટ્રસ્ટ દ્વારા હિન્દી દિવસની ઉજવણીના ભાગરૂપે સેકટર-૮ની સરકારી પ્રાથમિક શાળા ખાતે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિજેતા પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને મેડલ આપી નવાજવામાં આવ્યા હતા. વિજેતા બાળકોને વનશ્રી ટ્રસ્ટ તરફથી પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં પણ મોકલવામાં આવશે. વકતૃત્વ સ્પર્ધામાં શાળાના આચાર્યા રમીલાબેન મકવાણા, આશુતોષ તિવારી અને અંજનાબેન નિમાવતે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

## એસ.ટી ડેપો નજીકથી ચાર રિક્ષાઓ ડીટેઈન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર એસ.ટી ડેપો નજીક આડેધડ રિક્ષાઓ પાર્ક કરીને અડચણરુપ ઉભા રહેતા રિક્ષા ડ્રાઈવરો સામે આજે સે-૭ પોલીસે લાલ આંખ કરી છે. ડેપો આસપાસ આડેધડ ઉભી રહેતી ચાર રિક્ષાઓ ડીટેઈન કરી લઈને ચારેય રિક્ષા ડ્રાઈવરો સામે જીલ્લા કલેક્ટરનાં જાહેરનામા ભંગ બદલ આઈ.પી.સી ૧૮૮ મુજબ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## જૈન સોશ્યલ ગૃપ દ્વારા ૨૫મીએ અભિવાદન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

જૈન સોશ્યલ ગૃપ દ્વારા તા. ૨૫ સપ્ટેમ્બરના રોજ સે-૧૨, આંબેડકર હોલ ખાતે સવારે ૮.૧૫ કલાકે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિજયનરરત્ન સૂરીશ્વરજી મહારાજ આર્શીવચન અને વ્યાખ્યાન આપશે. જૈન સોશ્યલ ગૃપના પ્રમુખ પારસ સંઘવીના જણાવ્યા મુજબ આ કાર્યક્રમ દરમિયાન તપસ્વીઓનું બહુમાન, તેજસ્વી બાળકોનું અભિવાદન, ધાર્મિક પરિક્ષામાં સફળતા મેળવનાર સભ્યોનું સન્માન તેમજ ચિત્ર સ્પર્ધા અને લોકનૃત્ય સ્પર્ધાના કલાકારોનું પણ અભિવાદન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા દરેક સભ્યને અપીલ કરવામાં આવી છે.

# કડી કેમ્પસના બીબીએ કોલેજના ૭૨ વિદ્યાર્થીઓ અમુલની મુલાકાતે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર ની બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનનાં વિદ્યાર્થીઓ અભ્યાસક્રમની સાથે સાથે પ્રાયોગિક તાલીમ મેળવવા માટે ડિગ્રી કોર્સનાં ત્રણ વર્ષનાં અભ્યાસક્રમ દરમ્યાન કુલ ૬ વખત વિવિધ નામાંકિત ઉદ્યોગગૃહ ની મુલાકાતે જાય છે. તેમજ ત્યાં ઉદ્યોગની સ્થાપનાથી લઈ તેને સ્પર્શતા તમામ મુદ્દાઓનું અવલોકન કરે છે. અને ભવિષ્ય માં જે તે વ્યવસાય સામે આવનાર પડકારો બાબતે અભ્યાસ કરે છે. જે તેઓને તેમની કારકિર્દીનાં ઘડતર માં ખુબ ઉપયોગી સાબિત થશે.ચાલુ શૈક્ષણિક સત્રમાં તૃતીય વર્ષના ૭૨ વિદ્યાર્થીઓ ડેરી ઉદ્યોગમાં વિશ્વવિખ્યાત એવી અમુલ ડેરીની મુલાકાતે ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે અમુલ ડેરી દુનિયાભરમાં દૂધ અને તેની વિવિધ બનાવટોનું વેચાણ કરે છે. તેમાં પણ



આણંદ ખાતે આવેલા પ્લાન્ટનું વિશેષ મહત્વ છે. ડેરીના કર્મચારીઓએ વિદ્યાર્થીઓને વિવિધ ઉત્પાદનોની ઉત્પાદન પ્રક્રિયા વિષે વિસ્તૃત માહિતી આપી હતી. સમગ્ર વિશ્વમાં જાણીતી અમુલ ડેરીને ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ તેમજ શ્વેત ક્રાંતિ નાં પ્રણેતા ડૉ.વર્ગિસ કુરીયનનાં અથાક પ્રયત્નોથી સમગ્ર વિશ્વ જાણે છે. ત્યારે મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓ માટે તેનો અભ્યાસ કરવો અગત્યની બાબત કહી શકાય જેનાથી તેઓની કારકીર્દીમાં તે ઉપયોગી સાબિત થાય છે.

ડેરી નાં તજજ્ઞ અધિકારી દ્વારા દૂધના શુદ્ધિકરણ ની પ્રક્રિયાની માહિતી આપી હતી અને પ્લાન્ટની મુલાકાત કરાવી હતી. તેની સાથે સાથે વિદ્યાર્થીઓએ વિવિધ અધિકારીઓ સાથે પ્રશ્નોતરી કરી અને તેના સંતોષજનક જવાબ મેળવ્યા હતા. તેમજ ડેરીના ડિસ્ટ્રિબ્યૂશન નેટવર્ક, ઍડ્મિનિસ્ટ્રેશન, તેમજ માર્કેટીંગ વિષે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી..

સમગ્ર વિઝિટનું આયોજન કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ સમિતિનાં હેડ ડો. જયેશ તન્ના તેમજ પ્રોફેસર પ્રજ્ઞેશ નવલખા દ્વારા સફળતા પુર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

# ચિલોડામાં દબાણો દૂર કરવા ગુડાની નોટીસ

## હાઈવેની સમાંતર સર્વિસ રોડનું તંત્રનું આયોજન, હાઈવેની બાજુમાં વર્ષોથી અડીંગો જમાવી બેસેલા દબાણકારોમાં ફફડાટ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના પડોશી એવા ચિલોડાના વિકાસ માટે તંત્ર હવે હરકતમાં આવી ગયું છે. થોડા દિવસો પહેલા વન વિભાગે દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. જે પછી ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળે (ગુડા) નેશનલ હાઈવે નં. ૮ની બાજુમાં વર્ષોથી પાકા દબાણ કરી ધંધો કરતા દબાણકારોને તાજેતરમાં જ નોટીસ પાઠવી ગેરકાયદેસર દબાણ દૂર કરી દેવા જણાવી દેવાયું છે. નેશનલ હાઈવેની સમાંતર ૧૨ મીટર પહોળાઈ ધરાવતા સર્વિસ રોડનું તંત્રનું આયોજન હોઈ આ નોટીસ અપાઈ છે. જેથી ગેરકાયદેસર દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો છે.

જાણવા મળ્યા મુજબ




ચિલોડામાં વધતી જતી અવરજવર તેમજ રાજયના પાટનગરમાં પ્રવેશ કરવા માટેના મહત્વના આ સ્થળે વિકાસ કરવા તંત્રએ કમર કસી છે. જે માટે થોડાક જ દિવસો પહેલા તમામ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ચિલોડા ખાતે ભેગા થયા હતા અને વિચાર વિમર્શ કરી કલેકટરને રીપોર્ટ કરાયો હતો. જેના ભાગરૂપે વન વિભાગે દબાણો દૂર કરવાનો પ્રારંભ કરી દીધો હતો અને હવે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળે (ગુડા) નેશનલ હાઈવે નં. ૮ની સમાંતર ૧૨ મીટર પહોળાઈ ધરાવતા સર્વિસ રોડ બનાવવાનું આયોજન કર્યુ છે. જેમાં આ સર્વિસ રોડની સરકારી જગ્યા એટલે કે સર્વે નં. ૪૭૪/૪૭૫ ઉપર વર્ષોથી ગેરકાયદેસર દબાણ કરી ધંધા-વ્યાપાર-વ્યવસાય કરતા લોકોને નોટીસ આપી દબાણો દૂર કરવા જણાવી દેવાયું છે.

સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૭ મુજબ ચિલોડા, પ્રાંતિયા અને મોટી શિહોલીમાં નેશનલ હાઈવે નં. ૮ને સમાંતર ૧૨ મીટર પહોળાઈના સર્વિસ રોડ બનાવવાનું આયોજન ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામામાં જણાવાયું છે. જે મુજબ આ માર્ગમાં અવરોધ બનેલા ગેરકાયદેસર દબાણકર્તાઓને નોટીસ આપી સ્વ ખર્ચે દૂર કરી દેવા જણાવાયું છે. વર્ષોથી સરકારી જગ્યાઓનો બિલકુલ નિઃશુલ્ક ઉપયોગ કરતાં આ દબાણકર્તાઓએ પાકા દબાણ કરી દીધા છે. વધુમાં સરકારી તંત્ર પણ નિષ્ક્રીય અવસ્થામાં હતું. પરંતુ વિકાસને વેગ આપવા પાટનગરના નજીકના આ ધમધમતા કેન્દ્ર બિંદુને વિકસિત કરવા તંત્રએ તડામાર તૈયારીઓ આરંભી દઈ સૌને ચોંકાવી દીધા છે.

## ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજ દ્વારા સ્વાગત સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

શ્રી ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજ દ્વારા આગામી તા. ૨૫ સપ્ટેમ્બરને રવિવારના રોજ બપોરના ૩.૦૦ કલાકે સે-૧૨, ડૉ. આંબેડકર ભવન ખાતે સ્વાગત સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વણકર સમાજ રત્ન અને દલિત સમાજનું ગૌરવ એવા પૂર્વ કેબીનેટ મંત્રી રમણલાલ વોરાને ગુજરાત વિધાનસભા ગૃહના અધ્યક્ષ મહોદય તરીકે સર્વાનુમતે વરણી થતાં તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

આ ઉપરાંત ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું, ૭૦થી વધુ વયના વડીલોનું તથા સરકારી નોકરીમાં નવી નિમણુંક થઈ હોય તેવા કર્મચારી અધિકારીઓનું પણ સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભા ગૃહના અધ્યક્ષ રમણલાલ વોરા, અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રીન્ટેન્ડેન્ટ એમ.એમ. પ્રભાકર, પૂર્વ સંસદ સભ્ય રતીલાલ વર્મા, આઈ.એ.એસ. એમ.બી. પરમાર, સી.આર. પરમાર, રમેશભાઈ સોલંકી, સવિતાબેન કોલસાવાળા અને ચંદ્રેશ રાજપાલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

## ચિરવિદાય

- સ્વ. તખુભા મગનજી રાણા, ઉ.વ. ૯૭
- સ્વ. અજયભાઈ રાજકિશન લખનપાલ, ઉ.વ. ૪૭
- સ્વ. તારાબેન અમથાલાલ રાવલ, ઉ.વ. ૯૦
- સ્વ. સુધાબેન લાભશંકર નાયીક, ઉ.વ. ૭૦
- સ્વ. અશોકભાઈ ચુનીલાલ વાઘેલા, ઉ.વ. ૫૫
- સ્વ. નિર્મલાબેન કાશીનાથ શાહ, ઉ.વ. ૬૦